આદિજાતિના વિદ્યાર્થીઓ માટે જીપીએસસી પ્રવેશ કોચિંગ યોજનામાં સ્પીપા પ્રવેશ કોચિંગ યોજનાનો સમાવેશ કરવા અને સહાયની રકમ ડી.બી.ટી મારફત ચુકવવા તથા એમ્પેનલમેન્ટ દ્વારા એજન્સીની પસંદગી અંગેના માપદંડ નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ વીકેવાય-૧૦૨૦૧૮-૪૧૦-પી,
સચિવાલય,ગાંધીનગર
તા.૨૯ / ૦૧ /૨૦૨૨

વંચાણે લીધા :-

(1) આદિજાતિ વિકાસ વિભાગનો તા. 22/08/2019 નો ઠરાવ ક્રમાંકઃ- VKY-102019-410-P.
(2) આદિજાતિ વિકાસ વિભાગનો તા. 22/08/2019 નો ઠરાવ ક્રમાંકઃ- VKY-102019-525-P.
(3) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડીસેગ) ગાંધીનગરનો તા. ૧૩/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: VKY/ 2021/ 2805/ WS/ D-SAG/ 9427(A)-4927(C).

<u>પ્રસ્તાવના :-</u>

રાજયના આર્થિક નબળી સ્થિતિ ધરાવતા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે જી.પી.એસ.સી. પરીક્ષાના તાલીમ વર્ગો શરૂ કરવા માટે વંચાણે લીધેલ વિભાગના ઠરાવ ક્રમાંક (૧) અને સ્પીપાની પ્રવેશ પરીક્ષામાં પાસ થવા માટે તાલીમ વર્ગો ચલાવવા માટે વંચાણે લીધેલ વિભાગના ઠરાવ ક્રમાંક (૨)થી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સદરહુ વંચાણે લીધા ઠરાવ ક્રમાંક (૧) અને (૨)ની યોજનાઓનો અભ્યાસક્રમ સમાંતર જણાઈ આવતો હોઈ, જી.પી.એસ.સી. વર્ગ-૧ અને વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ યોજનામાં, સ્પીપા પ્રવેશ કોચિંગ યોજનાનો સમાવેશ કરવા તેમજ સદરહુ પરીક્ષાની તૈયારી માટેના કોચિંગ વર્ગો માટે સ્નાતકની પદવી અથવા જે તે પરીક્ષાના નિયત લાયકાત ધરાવતા તથા ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર (ડી-સેગ) દ્વારા એમ્પેનલ કરવામાં આવેલ એજન્સી દ્વારા કાર્યરત સેન્ટરમાં કોચિંગ મેળવતા વિદ્યાર્થીઓ માટે કોચિંગ સહાય તરીકે ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનીફીશિયરી ટ્રાન્સફર) સ્કીમ મારફત, વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૦,૦૦૦/-(વીસ હજાર પૂરા) અથવા વાસ્તવિક કોચિંગ ફી (જી.એસ.ટી. સાથે) પૈકી જે ઓછુ હોય તેટલો સીધો લાભ લઇ વિદ્યા લઇ શકે તેવી જોગવાઈ કરવા તેમજ એમ્પેનલમેન્ટ દ્વારા એજન્સીની પસંદગી માટેના માપદંડ નક્કી કરવા અંગેની જોગવાઈ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :-</u>

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક (૧) અને (૨)માં સુધારો કરી રાજ્યના આર્થિક નબળી સ્થિતિ ધરાવતા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે જી.પી.એસ.સી. સ્પધાર્ત્મક પરીક્ષા કોચિંગ અને સ્પીપા પ્રાવેશિક પરીક્ષા કોચિંગ યોજનાઓનો અભ્યાસક્રમ સમાંતર જણાઈ આવતો હોઈ, જી.પી.એસ.સી. વર્ગ-૧, વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ માટેની યોજનામાં સ્પીપા પ્રવેશ કોચિંગ

યોજના મર્જ કરવા તેમજ જી.પી.એસ.સી. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના કોચિંગ વર્ગો માટે સ્નાતકની પદવી અથવા જે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિયત થયેલ લાયકાત ધરાવતા તથા ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર (ડી-સેગ) દ્વારા એમ્પેનલ કરવામાં આવેલ એજન્સી દ્વારા કાર્યરત સેન્ટરમાં કોચિંગ મેળવતા વિદ્યાર્થીઓ માટે કોચિંગ સહાય તરીકે (ડાયરેક્ટ બેનીફીશિયરી ટ્રાન્સફર) ડી.બી.ટી. યોજના મારફત વિદ્યાર્થી દીઠ એક વખત રૂ.૨૦,૦૦૦/- અથવા વાસ્તવિક કોચિંગ ફી(જી.એસ.ટી. સાથે) પૈકી જે ઓછુ હોય તેટલો સીધો લાભ લઇ શકે તેવી જોગવાઈ તેમજ એમ્પેનલમેન્ટ દ્વારા એજન્સીની પસંદગી માટેના માપદંડ નક્કી કરવા અંગેની જોગવાઈઓ, નીચેની શરતો / બોલીઓને આધીન કરવા આથી ઠરાવવામાં આવે છે.

<u>શરતો:-</u>

1. અનુસૂચિત જનજાતિના સ્નાતકની તથા જે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા તથા ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર (ડી-સેગ) દ્વારા એમ્પેનલ કરવામાં આવેલ એજન્સી દ્વારા કાર્યરત સેન્ટરમાં કોચિંગ મેળવતા વિદ્યાર્થીઓ માટે કોચિંગ સહાય તરીકે (ડાયરેક્ટ બેનીફીશિયરી ટ્રાન્સફર) ડી.બી.ટી. યોજના મારફત વિદ્યાર્થી દીઠ એક વખત રૂ.૨૦,૦૦૦/- અથવા વાસ્તવિક કોચિંગ ફી (જી.એસ.ટી. સાથે) પૈકી જે ઓછુ હોય તેટલો સીધો લાભ આપવાનો રહેશે.

2. આદિજાતિ વિદ્યાર્થીઓની પસંદગી :
   a. આદિજાતિના વિદ્યાર્થી જે-તે સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિયત થયેલ ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈશે.
   b. આદિજાતિ વિદ્યાર્થી જે જિલ્લામાં કોચિંગ મેળવવા માંગતા હશે તે જિલ્લાના લક્ષ્યાંક અન્વયે સ્નાતક / અનુસ્નાતક કક્ષાના મેરીટના ધોરણે વિદ્યાર્થિની પસંદગી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, (ડી-સેગ) ગાંધીનગર દ્વારા કરવાની રહેશે.
   c. અરજદારશ્રીએ જી.પી.એસ.સી. વર્ગ-૧ અને વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઓનલાઇન અરજી કરેલ હોવી જોઈશે.
   d. આદિજાતિ અરજદાર વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હશે તો ડી-સેગ કચેરીના આયોજન અંતર્ગત ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદાના આધારે અનુસચિત આદિજાતિ વિસ્તાર અને છુટાછવાયા વિસ્તાર માટે વિદ્યાર્થિના લક્ષ્યાંક પ્રવર્તમાન વસ્તી ગણતરીના આધારે ફાળવવામાં આવશે, જે પૈકી સ્નાતકની ટકાવારી અથવા જે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટેની નિયત લાયકાતના મેરીટના ધોરણે વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહેશે.

3. કોચિંગનો સમયગાળો :
   a. કોચિંગનો સમયગાળો ચાર થી છ માસનો રાખવાનો રહેશે તથા અઠવાડિયામાં પાંચ (૫) દિવસ, પ્રતિદિન બે થી ત્રણ કલાક રાખવાનો રહેશે.
   b. કોચિંગ દરમિયાન વિદ્યાર્થીએ ૮૦% બાયોમેટ્રીક હાજરી રજૂ કરવાની રહેશે. પરંતુ કુદરતી આપત્તિ કે મહામારી જેવી અસાધારણ પરિસ્થિતીઓમાં શિક્ષણ વિભાગની વખતો વખતની સૂચનાઓ મુજબ ઓનલાઈન શિક્ષણ માન્ય ગણવામાં આવશે.

4. આવક મર્યાદા :
   a. વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક રૂ.૫.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈશે.

5. એમપેનલમેન્ટ દ્વારા એજન્સીની પસંદગી માટેના માપદંડ :

a. એજન્સીનું રજીસ્ટ્રેશન સાર્વજનિક ટ્રસ્ટ સને ૧૯૫૦ના મુંબઈ અથવા સને ૧૮૬૦નો ૨૧માં અધિનિયમ હેઠળ મંડળીઓની સ્થાપના કે કંપની એક્ટ ૨૦૧૩ હેઠળ થયેલ હોવું જોઈએ.

b. એજન્સી જીએસટી નબર ધરાવતી હોવી જોઈશે.

c. એજન્સી અન્ય સરકારી ધારાધોરણોનું પાલન કરતી હોવી જોઈશે.

d. વિભાગ દ્વારા મંજુર થયેલ ટેન્ડર મુજબના દસ્તાવેજ રજૂ કરવાના રહેશે.

e. કોચિંગ સેન્ટર ખાતે બાયોમેટ્રીક હાજરીની સુવિધા ફરજિયાત હોવી જોઈશે.

f. ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક એસ.પી.ઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

g. સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના (GeM) પોર્ટલ દ્વારા ખરીદી કરવા અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

h. વિગતવાર શરતોનો ટેન્ડરમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

6. કરારની અવધિ :

a. આ કરારનો સમયગાળો, એજન્સી સાથે વર્કઓર્ડર પર સહી કર્યાની તારીખથી એક વર્ષ માટે માન્ય રાખવાનો રહેશે.

b. કોચિંગની સમીક્ષા ડી-સેગ દ્વારા વર્ષના અંતે કરવાની રહેશે. જેમાં નિયમો અને શરતો તથા એજન્સીના પર્ફોર્મન્સના આધારે પરસ્પર નક્કી કરી કરારને બીજા વર્ષ અને ત્રીજા વર્ષ માટે લંબાવવામાં આવી શકાશે, આમ કરારનો સમયગાળો મહત્તમ ત્રણ વર્ષ માટે રાખી શકાશે.

7. સહાય મેળવવા માટેના ધોરણો :

a. વિદ્યાર્થીએ ડી-સેગ દ્વારા એમ્પેનલ થયેલ એજન્સીમાં કોચિંગ મેળવેલ પ્રવેશના આધારો રજૂ કરવાના રહેશે.

b. વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોચ.

c. વિદ્યાર્થીની ૮૦% બાયોમેટ્રીકસ હાજરીનું પ્રમાણપત્ર.

d. વિદ્યાર્થીએ આદિજાતિ હોવાનું જાતિનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

e. વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવકનું વેલીડ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

8. આ યોજના અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે નાણાંકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

9. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે

10. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

11. આ અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

12. આ યોજના હેઠળ ફાળવાયેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી ગ્રાન્ટ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

13. આ યોજના અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

14. આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

15. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આથી હવે આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૨/૦૮/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:VKY-102019-410-P અને તા.૨૨/૦૮/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:VKY-102019-525-P. હવેથી રદ ગણવાના રહેશે તથા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે જી.પી.એસ.સી. વર્ગ-૧ અને વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષાના કોચીંગ માટે ઉપર દર્શાવેલ બોલીઓ અને શરતો આખરી ગણવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૨અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર : જી.પી.એસ.સી.ના અનાવર્તક ખર્ચ હેઠળ ચાલુ નાણાંકીય વર્ષની જોગવાઈમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૨૮/૦૧/૨૦૨૨ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપ પટેલ )
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.વિ.) ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી(આ.વિ.) ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (આ.વિ.), નિયામકશ્રી(આ.વિ.) ની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.

➢ પત્ર મારફત.